# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

અગત્યનું / જરૂરી.

## પરિપત્ર

**વિષયઃ–આયોજન બહારની નોનપ્લાન યોજનાઓમાં સને ર૦૧૩–૧૪ના નાણાંકીય વર્ષમાં બીલોના ખર્ચકરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી નોનપ્લાન યોજનાઓમાં ચાલુ નાણાંકીય વર્ષ ર૦૧૩–૧૪ ના નાણાંકીય વર્ષમાં નામદાર સરકારશ્રી તરફથી જોગવાઈ મંજુર કરવામાં આવેલ છે. જે તબકકા વાઈઝ ફંડ ફાળવ્યેથી ગ્રાન્ટ ટુંક સમયમાં ફાળવવામાં આવશે. આમ જયાં સુધી ગ્રાન્ટ ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી નોનપ્લાનનાં તમામ બીલો ગત વર્ષ એટલે કે સને ર૦૧ર–૧૩માં થયેલ ખર્ચના ૪૦% ની મર્યાદામાં ખર્ચ કરવા માટે અનુમતી આપવામાં આવે છે. તે મતલબનું પ્રમાણપત્ર બીલમાં આપવાનું રહેશે. આમ જયાં સુધી ગ્રાન્ટ ફાળવવામાં ન આવે ત્યાં સુધી કન્ટીજન્સી સદરે આવશ્યક સેવાઓ જેમાં લેબર, લાઈટ બીલ, ટેલીફોન બીલ, પેટ્રોલ ડીઝલ, ગાડીના વીમા વિગેરેનો તથા પગાર ભથ્થા અને મેડીકલ બીલોનો કમીટેડ ખર્ચ કરવાનો રહેશે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવીને જારી કરવામા આવે છે. જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/બજેટ/ ૩૭૦૮–૬૮/૧૩
નવસારી તારીખઃ ૩૧.૦૩.ર૦૧૩

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

<u>**નકલ સવિનય રવાના**</u> :–

૧: યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ

ર: યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

૩: કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

D/HINA/PARIPATR